# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

એ-3, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત

Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id: *suratdeo@gmail.com*


ક્રમાંકઃ એસએસએ/કલા ઉત્સવ/૨૦૨૦/૪૪૮૭૬ તા. ૧૦ /૧૨/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/બિન સરકારી અનુદાનિત અને ખાનગી
માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ

વિષય :- કલા ઉત્સવ-૨૦૨૦નાં (ઓનલાઈન) અંગે.
સંદર્ભ :- મે.સચિવશ્રી, એસ.એસ.એ. કચેરી, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક : એસએસએ/કલા ઉત્સવ/૨૦૨૦/ ૪૦૮૫૦-૯૨૫ તા.૦૯/૧૨/૨૦૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, જીલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક (સરકારી/ગ્રાન્ટેડ/સ્વનિર્ભર) શાળાઓએ પોતાની શાળાના ધોરણ ૯ થી ૧૨નાં વિદ્યાર્થીઓ કલા ઉત્સવ-૨૦૨૦માં ભાગ લે તેવું જણાવવામાં આવે છે.

કોવિડ-૧૯ની મહામારીનાં પ્રકોપની વર્તમાન પરિસ્થિતિ અને સામાજિક અંતરને ધ્યાને લેતા "આ સ્પર્ધા માત્ર ઓન લાઈન મોડ"થી કરવાનું નક્કી કરેલ છે.

આ સ્પર્ધાની કેટેગરી/વિભાગ પ્રમાણેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | કેટેગરી/વિભાગ | શાળા દીઠ ભાગ લઈ શકશે. | ચોક્કસ વિગત |
|---|---|---|---|
| ૧ | કંઠ્ય સંગીત (Vocal Music) ક્લાસીકલ (શાસ્ત્રીય) | ૧ કુમાર અને ૧ કન્યા સભ્ય | ભારતીય કે દક્ષિણ ભારતીય |
| ૨ | કંઠ્ય સંગીત (Vocal Music) ટ્રેડીશનલ (પરંપરાગત શૈલી) | ૧ કુમાર અને ૧ કન્યા સભ્ય | કોઈ પણ બોલી અથવા શૈલી |
| ૩ | વાદ્ય સંગીત (Instrumental Music) ક્લાસીકલ (શાસ્ત્રીય) | ૧ કુમાર અને ૧ કન્યા સભ્ય | ભારતીય કે દક્ષિણ ભારતીય |
| ૪ | વાદ્ય સંગીત (Instrumental Music) ટ્રેડીશનલ (પરંપરાગત શૈલી) | ૧ કુમાર અને ૧ કન્યા સભ્ય | કોઈ પણ ભારતીય પરંપરાગત સંગીત વાદ્ય |
| ૫ | નૃત્ય (Dance) ક્લાસીકલ (શાસ્ત્રીય) | ૧ કુમાર અને ૧ કન્યા સભ્ય | શાસ્ત્રીય સ્વરૂપ |
| ૬ | નૃત્ય (Dance) (લોક શૈલી) | ૧ કુમાર અને ૧ કન્યા સભ્ય | કોઈ પણ રાજ્યના પરંપરાગત લોક નૃત્ય |
| ૭ | વિઝ્યુઅલ આર્ટસ (દ્વિ પરિમાણીય) 2D | ૧ કુમાર અને ૧ કન્યા સભ્ય | ચિત્રકામ, પેઈન્ટીંગ અથવા છાપ |
| ૮ | વિઝ્યુઅલ આર્ટસ (ત્રિ પરિમાણીય) 3D | ૧ કુમાર અને ૧ કન્યા સભ્ય | શિલ્પ (મૂર્તિ) |
| ૯ | દેશી રમકડા અને રમતો | ૧ કુમાર અને ૧ કન્યા સભ્ય | પરંપરાગત રમકડા અને રમતો |

- જિલ્લા કક્ષાની તમામ સપર્ધાઓ તા. ૧૮ થી ૨૨ ડીસેમ્બર, ૨૦૨૦ દરમિયાન યોજાશે. જિલ્લા કક્ષાની સપર્ધામાં વિજેતા થયેલ ૧ કુમાર અને ૧ કન્યા સપર્ધકની યાદી ઝોન કક્ષાએ મોકલી આપવામાં આવશે.
- દરેક શાળાએ પોતાના શાળાના સ્પર્ધકનાં પરફોર્મન્સ અંગેનું પ્રિ-રેકોરરેડ સી.ડી. કે અન્ય જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં RMSA ટેબલ પર રૂબરૂ શ્રી ટી.એન.જીંજાળાને પૂરતી વિગતો લખીને આપશો. (દરેક સ્પર્ધક દીઠ અલગ-અલગ રજૂ કરવી.)
- પ્રિ-રેકોરરેડ સી.ડી. કે અન્ય ઉપર શાળાનું નામ, આચાર્યશ્રીનું નામ, આચાર્યશ્રીનો મો.નંબર, સ્પર્ધકનું નામ, ધોરણ અને કેટેગરી/વિભાગનું નામ અચૂક દર્શાવવું.
- તમામ કેટેગરી/વિભાગમાં ભાગ લેતા સ્પર્ધક લાઈવ (જીવંત) રેકોર્ડેડ જ માન્ય ગણાશે. કોઈપણ સંજોગોમાં એડીટ/મોડીફાય કરેલ કૃતિ માન્ય ગણાશે નહી.
- તમામ ઈવેન્ટ એકલ (SOLO) જ રહેશે જેની નોંધ લેશો.

આપની કક્ષાએથી વધુમાં વધુ વિદ્યાર્થીઓ જોડાય તેવા પ્રયાસો કરવા જણાવવામાં આવે છે.

નોંધ :- કલા ઉત્સવ-૨૦૨૦નો વિગતવાર પરિપત્ર તા.૯/૧૨/૨૦૨૦નાં રોજ કચેરીની વેબસાઈટ (suratdeo.org)પર મૂકેલ છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિ.સુરત

૧૦/૧૨/૨૦૨૦
૧૦/૧૨
10/12